તાઃ ૧/૪/૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજનાની કામગીરી માટે નવુ મહેકમ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ/૨૦૦૫/ડી/૧૪૭/(પી)/ઘ
સચિવાલય, ગાંધીનગર
તાઃ

**સંદર્ભ** :નિયામકશ્રી,પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગરના તાઃ ૨૩/૩/૦૫ ના પત્ર ક્રમાંકઃ ડીપીપી/પેન્શન/૩૫૧

**પ્રસ્તાવના :**

રાજય સરકારની સેવાઓમાં તાઃ ૧/૪/૦૫ ના રોજ અથવા ત્યારબાદ નિમણૂંક પામનાર સરકારી કર્મચારીઓ માટે નવી વર્ધિત પેન્શન યોજના તાઃ ૧/૪/૦૫ થી લાગુ પાડવા સરકારશ્રીના નાણાં વિભાગના તાઃ ૧૮/૩/૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નયન/૨૦૦૩/જીઓઆઈ/૧૦/પી થી ઠરાવવામાં આવ્યું છે. આ યોજના હેઠળ આવરી લેવાયેલ કર્મચારીઓની સબંધીત કામગીરી નાણાં વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીને સોંપવામાં આવી છે.

**ઠ રા વ :**

આ નવી નકકી કરેલ વર્ધિત પેન્શન યોજનાની કામગીરી અસરકારક રીતે થાય તે માટે નિયામકશ્રી,પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર ખાતે નીચે જણાવ્યા મુજબની ચાર નવી જગ્યાઓ તાઃ ૧/૪/૦૬ થી પ્રથમ તબકકે એક વર્ષ માટે ઉભી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | નવી મંજુર કરવાની થતી જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | જગ્યાનું પગારધોરણ |
|---|---|---|---|
| ૧ | હિસાબી અધિકારી વર્ગ–૧(જુ.ડયુટી) | ૧ | ૮૦૦૦–૨૭૫–૧૪૦૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | હિસાબનીશ (કચેરી અધિક્ષક) વર્ગ–૩ | ૧ | ૫૫૦૦–૧૭૫–૯૦૦૦ |
| ૩ | પેટા હિસાબનીશ (સીનીયર કલાર્ક) વર્ગ–૩ | ૨ | ૪૦૦૦–૧૦૦–૬૦૦૦ |

૨. ઉપર મુજબ મંજુર કરવામાં આવતી ચાર જગ્યાઓ નાણાં વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ આવેલ નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર હસ્તકના ગુજરાત હિસાબી સેવા વર્ગ–૧ (જુ.ડયુટી) અને વર્ગ–૩ ના સબંધીત સંવર્ગના કર્મચારી/ અધિકારીશ્રીઓની નિમણૂંક આપી ભરવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી નં. ૧૭ મુખ્ય સદર–૨૦૫૪–તિજોરી અને હિસાબ વહીવટ– ગૌણ સદર–૮૦૦–અન્ય ખર્ચ–પેટા સદર(૧) પેન્શન અને ભવિષ્યનિધિ નિયામકની કચેરી હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( પ્રવિણ દરજી )**
નાયબ સચિવ,
નાણાં વિભાગ

**પ્રતિ,**

૧) નિયામકશ્રી,પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ(ગુ.રા.) ગાંધીનગર.

૨) નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ(ગુ.રા.) ગાંધીનગર

૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ

૫) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

૬) નાયબ સચિવશ્રી(બજેટ) 'ક' શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૭) નાયબ સચિવશ્રી(પેન્શન) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૮) સેકશન અધિકારીશ્રી, 'પી' શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૯)	નાયબ સેકશન અધિકારીની પસંદગી ફાઈલ 'ઘ' શાખા, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર